# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-06-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

- ❖ મુખ્યમંત્રીની ઉપસ્થિતમાં નડાબેટ ખાતે રાજ્યકક્ષાનો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો
- ❖ અમદાવાદની નારણપુરા સરકારી શાળા ખાતેથી કેન્દ્રીય ગૃહમંત્રીએ 30 જેટલી સ્માર્ટ સ્કૂલનું ઈ-લોકાર્પણ કર્યું..
- ❖ અમદાવાદમાં ઐતિહાસિક રથયાત્રાની પ્રારંભ વિધિ “જળયાત્રા” આજે યોજાશે.
- ❖ સંયુક્ત CSIR-UGC-NET જૂન 2024ની પરીક્ષા અનિવાર્ય સંજોગો અને માળખાકીય વ્યવસ્થાઓને કારણે મુલતવી રાખવામાં આવી છે. આ પરીક્ષા 25 થી 27 જૂન-2024 દરમિયાન યોજાવાની હતી.
- ❖ મુંબઈ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં એન.આઈ.ડી. અમદાવાદે બનાવેલી ફિલ્મ “નિર્જરા” ને શ્રેષ્ઠ એનિમેશન ફિલ્મ માટેનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# YOG DIWAS

રાજ્યભરમાં ગઈકાલે દસમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી..

રાજ્યકક્ષાના યોગ દિવસની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ભારત પાકિસ્તાન સરહદ પર પ્રથમ વખત નડાબેટ ખાતે કરવામાં આવી. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીને ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ સ્વસ્થ જીવન માટે યોગને દૈનિક જીવનમાં અપનાવવાનું આહ્વાન કર્યું હતું.

ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે પણ યોગ દિવસની ઉજવણી કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નાગરીકોને યોગને જીવનનું અભિન્ન અંગ બનાવવા અનુરોધ કર્યો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સુરતમાં યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો.

---

-રીપીટ

# KARKAVRUT YOGA

રાજ્યમાં કર્કવૃત્તની રેખા જે આઠ સ્થળ પરથી પસાર થાય છે. તે તમામ જગ્યાએ ગુજરાત પૉસ્ટલ સર્કલે 10મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. આ અનોખા પ્રસંગે આ આઠેય સ્થળો પર સ્પેશિયલ કેન્સલેશન પણ બહાર પાડવામાં આવ્યું હતું. આ અનોખા સ્થળોએ યોગ, ભૂગોળ અને સાંસ્કૃતિક વારસાના સમન્વયને ઉજાગર કરતી આ ઉજવણીની ઝાંખીઓ જોડાયેલી છે.

---------------------------------------------------------------------

- SOURCE – APARNA KHUNT – PRAVESH. -(નવીન)

# Amit Shah Smart School

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગઇકાલે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં આવેલી અમદાવાદ મહાનગરપાલિકાની 30 સ્માર્ટ શાળાઓનું નારણપુરા સરકારી શાળા ખાતેથી ઇ-લોકાર્પણ કર્યું.

આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું કે, અંદાજે 36 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી આ સ્માર્ટ શાળાઓ થકી આશરે 30 હજાર જેટલા બાળકોને નવી શિક્ષણ નીતિનો સીધો લાભ મળશે. તેમણે નવી શિક્ષણ નીતિ અંતર્ગત કૌશલ્ય અને ટેકનૉલોજી આધારિત શિક્ષણ આપવા માટેની મોદી સરકારની પ્રતિબદ્ધતા પણ દોહરાવી હતી.

શ્રી શાહે કહ્યું હતું કે, ગાંધીનગર મત વિસ્તારમાં આવેલી 69 પ્રાથમિક શાળાઓમાંથી 59 શાળાઓ સ્માર્ટ શાળાઓમાં તબદીલ થઈ છે અને ટૂંક સમયમાં બાકી રહેલી 10 શાળાઓ પણ સ્માર્ટ શાળાઓ તરીકે વિકસાવવામાં આવશે.

---

-રીપીટ

# AHMEDABAD JAL YATRA

અમદાવાદ શહેરમાં ઐતિહાસિક રથયાત્રાની પ્રારંભ વિધિ એટલે કે "જળયાત્રા" આજે યોજાશે. આ "જળયાત્રા" સવારે 8 વાગ્યે જમાલપુર વિસ્તારમાં આવેલા ભગવાન જગન્નાથજીના મંદિરેથી શરૂ થઈ વરઘોડા સ્વરૂપે સાબરમતી નદીના સોમનાથ ભુદરના આરે ગંગાપૂજન કરવા પહોંચશે. સાબરમતી નદીમાંથી જળ ભરી આ "જળયાત્રા" પરત નીજ મંદિરે ફરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી સાતમી જુલાઈએ અષાઢી સુદ બીજ ભગવાન શ્રી જગન્નાથજીની ઐતિહાસિક 147મી રથયાત્રા યોજાશે.

---

- SOURCE – PTC – AHMEDABAD – PRAVESH. -(નવીન)

# CSIR-UGC-NET

સંયુક્ત CSIR-UGC-NET જૂન 2024ની પરીક્ષા અનિવાર્ય સંજોગો અને  માળખાકીય વ્યવસ્થાઓને કારણે મુલતવી રાખવામાં આવી છે. આ પરીક્ષા 25 થી 27 જૂન-2024 દરમિયાન યોજાવાની હતી.

રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા - NTAએ જણાવ્યું હતું કે, આ પરીક્ષા માટેનું નવું સુધારેલું સમયપત્રક સત્તાવાર વેબસાઇટ દ્વારા હવે પછીથી જાહેર કરવામાં આવશે. રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થાએ જણાવ્યું છે કે, કોઈ પણ પ્રશ્ન અથવા સ્પષ્ટતા માટે ઉમેદવારો સંસ્થાના હેલ્પ ડેસ્ક નંબર 011- 40759000 અને 011-69227700 પર કૉલ કરી શકે છે. ઉપરાંત csirnet@nta.ac.in પર ઈ-મેઇલ કરીને NTA તરફથી લેખિત માહિતી પણ મેળવી શકાશે.

---------------------------------------------------------------------

-પુલ, જયેશ વેગડા

-(નવીન)

# MIFF-2024-NID Ahmedabad

મુંબઇમાં યોજયેલા મુંબઈ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવની 18મી આવૃત્તિમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડીઝાઇન અમદાવાદે બનાવેલી ફિલ્મ “નિર્જરા” ને શ્રેષ્ઠ એનિમેશન ફિલ્મ માટેનો સિલ્વર કૌંચનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે. ઉલ્લેખનીય છે કે મુંબઈ આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ ડોક્યુમેન્ટ્રી, એનિમેશન ફિલ્મો અને શોર્ટ ફિક્શન ફિલ્મો માટે દક્ષિણ એશિયાના સૌથી પ્રતિષ્ઠિત પ્લેટફોર્મમાંનું એક છે જેમાં વિશ્વભરના ફિલ્મ નિર્માતાઓ ભાગ લે છે.

---------------------------------------------------------------------

-અપર્ણા ખૂંટ, હર્ષ -(નવીન)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AKASHVANI NEWS- (MUST)

આકાશવાણી સમાચાર સેવાને ભારતમાં સૌથી વિશ્વસનીય સમાચાર સેવા ગણવામાં આવે છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટીની પત્રકારત્વના અભ્યાસ માટેની રોઇટર સંસ્થાના તાજેતરના સર્વેક્ષણમાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. ડીજીટલ ન્યૂઝ રીપોર્ટ 2024ના આ સર્વેક્ષણમાં દેશભરમાં આવેલા મહત્વના સમાચાર સેવા ગૃહોની સરખામણીએ આકાશવાણી સમાચાર સેવાએ વિશ્વસનીય સમાચાર સેવાની શ્રેણીમાં નોંધપાત્ર ગુણ વધારે મેળવ્યા છે.

પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત કુમાર સેહગલે સર્વેક્ષણના તારણોને આવકારતા જણાવ્યું છે કે, બધી જ પરિસ્થિતીઓમાં આકાશવાણી સમાચાર સેવાએ સત્ય અને વિશ્વસનીય સમાચારો પ્રસારિત કરવાની આકાશવાણી સમાચાર સેવાની મજબૂત પ્રતિબધ્ધતાનું આ પ્રમાણ છે.

---------------------------------------------------------------------

- પુલ-શ્રીરંગ સર-યશ્વી

# ST PORTAL

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ- એસ.ટી. દ્વારા પ્રવાસીઓના પ્રતિભાવ મેળવવા યાત્રી પ્રતિભાવ એન્ડ ક્વોટ પોર્ટ્લ શરૂ કરવામાં આવ્યું છે. યાત્રીઓ નિગમની વેબસાઇટ gsrtc.in ઉપર ‘’ઇ-ગવર્નન્સ સંદર્ભે યાત્રી પ્રતિભાવ એન્ડ ક્વોટ ફોર્મ સોમવાર ૨૪મી જૂન થી આગામી પહેલી જુલાઇ સુધી ભરીને પોતાના પ્રતિભાવ નિગમને આપી શકશે.

ઇ- ગવર્નન્સના ઉપયોગથી રાજય સરકાર યાત્રાને લગતી સુવિધાઓ વધુ અસરકારક બનાવી શકે તે માટે રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા પ્રતિસાદ મેળવવામાં આવી રહ્યો છે જેમાં પ્રવાસીઓ ઓનલાઇન બુકીંગ, ટીકીટીંગ સોલ્યુશન, વ્હીકલ ટ્રેકીંગ, વેબસાઇટ, મોબાઇલ એપ્લીકેશન વગેરે વધુ અસરકારક અને સુવિધાયુક્ત બને તે માટે પોતાના પ્રતિભાવ આપી શકશે.

---------------------------------------------------------------

-રીપીટ

# IMD WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં આગામી ચાર દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આ અંગે હવામાન વિભાગના નિષ્ણાતે વધુ માહિતી આપી.

## (બાઇટ રામાશ્રય યાદવ -હવામાન વિભાગના વૈજ્ઞાનિક)

હવામાન વિભાગે ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદા અને છોટા ઉદેપુરમાં પણ હળવા વરસાદની આગાહી છે.

રાજયમાં ગત 18 કલાકમાં બોટાદના રાણપુર તાલુકામાં સૌથી વધુ પોણા એક ઇંચ, સુરેન્દ્રનગરના ચુડા અને છોટાઉદેપુરના ક્વાંટ તાલુકામાં અડધો ઇંચ તથા ખેડા, અમદાવાદ, વલસાડ, રાજકોટ અને આણંદ સહિતના જીલ્લાઓમાં સામાન્ય વરસાદ નોંધાયો છે.

---------------------------------------------------------------------

- હવા.વેબ., હેમાંગીની -(નવીન)

# NAVSARI CR PATIL LOKARPAN

કેન્દ્રિય જળશક્તિ મંત્રી અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલે ગઈકાલે નવસારી ખાતે આવેલા ગુજરાત કેમિકલ પૉર્ટ લિમિટેડ – G.C.P.L.માં શિક્ષણ અને આરોગ્ય સંભાળના સાધનોનું લૉકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રી કુંવરજી હળપતિ, ધારાસભ્ય નરેશ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના પ્રદેશ મીડિયા કન્વિનર ડૉ. યજ્ઞેશ દવેએ આ અંગે માહિતી આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત કેમિકલ પૉર્ટ લિમિટેડ એ કૉમર્શિયલ પૉર્ટ અને સ્ટૉરેજ છે.

---------------------------------------------------------------------

- SOURCE – APARNA KHUNT – PRAVESH.

-(નવીન)

# TRAFFIC A'BAD

અમદાવાદ શહેરમાં ટ્રાફિક નિયમનોની સુયોગ્ય અમલવારી કરાવવા અને રોડ અકસ્માતમાં ઘટાડો કરવા આજથી નવ દિવસીય ખાસ ઝુંબેશ ચલાવવામાં આવશે.

આ ઝુંબેશ દરમ્યાન, રોંગ સાઇડ ડ્રાઇવીંગ કરનાર સામે કેસ સહિતની કાયદાકીય કાર્યવાહી કરાશે. તેમ અમદાવાદ શહેર ટ્રાફિકના સંયુક્ત પોલીસ કમિશનર એન.એન.ચૌધરીએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, રોંગ સાઇડ વાહન ચલાવવાના કારણે વાહન અકસ્માતો પ્રાણઘાતક બને છે. તેમજ આ અકસ્માતમાં મૃત્યુદર અને ગંભીર ઇજાના બનાવો પણ વધુ પ્રમાણમાં બને છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# ITI Admission

ઔદ્યોગિક તાલીમ સંસ્થા I.T.I. કુબેરનગર, અમદાવાદ ખાતે કારીગર તાલીમ યોજના હેઠળ NCVT/GCVT એટલે કે, રાષ્ટ્રીય રોજગાર તાલીમ પરિષદ તથા ગુજરાત રોજગાર તાલીમ પરિષદની પદ્ધતિના વ્યવસાયોમાં આ વર્ષ માટે પ્રવેશ મેળવવવાની પ્રક્રિયા હાલમાં ચાલુ છે. ઓગસ્ટ ૨૦૨૪ પ્રવેશ સત્રમાં વહેલા તે પહેલાનાં ધોરણે  નોંધણી કરાવી પ્રવેશ મેળવી શકાય છે.

અમદાવાદના અમારા પ્રતિનિધિ કરણ પરમાર જણાવે છે કે, પ્રવેશ કામગીરી માટે આજે અને આવતીકાલની જાહેર રજાના દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવી છે. ઈચ્છુક ઉમેદવારો પોતાના અસલ પ્રમાણપત્રો સાથે સંસ્થા ખાતે આવી રૂબરૂ સંપર્ક કરી પ્રવેશ મેળવી શકે છે તેમ I.T.I.નીઅખબારી યાદીમાં જણાવાયું છે.

---

-પીટીસી, અમદાવાદ, હર્ષ -(નવીન)